જુનાગઢ જિલ્લાના માણાવદર, મેંદરડા અને વંથલી તાલુકામાં ચેકડેમ, તળાવો અને જળાશયો

**15/4/1682** શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી(માણાવદર): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના માણાવદર, મેંદરડા અને વંથલી તાલુકામાં તાલુકાવાર કેટલા નાના, મધ્યમ અને મોટા ચેકડેમ, તળાવો અને જળાશયો આવેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કયા ચેકડેમ, તળાવો અને જળાશયોમાં કેટલા સમયથી કાંપ ભરાયેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમા વર્ષવાર, ઉક્ત તાલુકાવાર કેટલા ચેકડેમ, તળાવો અને જળાશયોમાંથી કેટલો કાંપ કાઢવામાં આવ્યો, અને

(૪) બાકી કાંપ ક્યાં સુધીમા કાઢવામાં આવશે?

જવાબ

(૧) તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

(અ) માણાવદર તાલુકામાં ૧૪૦ ચેકડેમો, ૩૪ તળાવો અને ૦૧ જળાશયો આવેલા છે.

(બ) મેંદરડા તાલુકામાં ૫૩૨ ચેકડેમો, ૧૯ તળાવો અને ૦૩ જળાશયો આવેલા છે.

(ક) વંથલી તાલુકામાં ૨૦૯ ચેકડેમો, ૨૨ તળાવો અને ૦૪ જળાશયો આવેલા છે.

(૨) (૩) અને (૪) છેલ્લા બે વર્ષમાં ચેકડેમ, તળાવો અને જળાશયોમાંથી કાઢવામાં આવેલ કાંપની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | વર્ષ ૨૦૨૨ | | વર્ષ ૨૦૨૩ | |
|---|---|---|---|---|
| | ચેકડેમ / તળાવ / જળાશયની સંખ્યા | કાંપનો જથ્થો (ઘન મીટરમાં) | ચેકડેમ / તળાવ / જળાશયની સંખ્યા | કાંપનો જથ્થો (ઘન મીટરમાં) |
| માણાવદર | ૩૧ | ૧,૨૨,૮૦૦ | ૧૯ | ૬૩,૦૦૦ |
| મેંદરડા | ૪૬ | ૭૮,૯૦૦ | ૩૦ | ૬૨,૧૫૦ |
| વંથલી | ૪૪ | ૪,૧૩,૩૫૦ | ૪૧ | ૩,૧૯,૭૦૦ |

ચેકડેમો, તળાવ, જળાશયમાં કાંપ ભરાવાની બાબત એક સતત ચાલતી કુદરતી પ્રક્રિયા છે અને સ્થળસ્થિતિ તેમજ જરૂરીયાતો અનુસાર વખતો-વખત કાંપ કાઢવામાં આવતો હોય છે.

----------------

# <u>અગ્રતાક્રમનં. :૨૨</u>

દેવાભાઈ માલમ (કેશોદ)

**<u>પ્રશ્ન</u>**

**જુનાગઢ જિલ્લાનાં મેંદરડા તાલુકામાં આવેલ જળાશયોની સંગ્રહ શક્તી કેટલી છે? અને કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળે છે?**

<u>જવાબ</u>

**મેંદરડા તાલુકામાં ૧ (એક) મધ્યમ જળાશય (મધુવંતી) અને ૨(બે) નાના જળાશયો (રાતડા અને ચાંદ્રાવાડી) એમ કુલ-૩(ત્રણ) જળાશયો આવેલા છે.**

| જળાશય | સંગ્રહ શક્તી |
|---|---|
| મધુવંતી જળાશય | ૧૧.૬૫ MCFT |
| રાતડા જળાશય | ૦૦.૬૪ MCFT |
| ચાંદ્રાવાડી જળાશય | ૧.૬૧ MCFT |
| કુલ---- | ૧૩.૯૦ MCFT |

| **જળાશય** | **લાભિત વિસ્તાર** |
|---|---|
| મધુવંતી જળાશય | ૨૧૮૮ હેક્ટર |
| રાતડા જળાશય | ૧૨૨ હેક્ટર |
| ચાંદ્રાવાડી જળાશય | ૪૪૩ હેક્ટર |
| કુલ---- | ૨૭૫૩ હેક્ટર |

# અગ્રતાક્રમનં. :૨૨

ભગવાનભાઈ કરગઠીયા(માંગરોળ)

**પ્રશ્ન**

**જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકામાં આવેલ જળાશયોની સંગ્રહ શક્તી કેટલી છે? અને કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળે છે?**

**જવાબ**

**વંથલી તાલુકામાં કુલ ૪ (ચાર) નાના જળાશયો** (ઓઝત વિયર વંથલી, ઓઝત વિયર શાપુર, ઓઝત વિયર ટીકર અને સાબલી) આવેલ છે.

| જળાશય | સંગ્રહ શક્તી |
|---|---|
| ઓઝત વિયર વંથલી | ૧.૭૯ MCFT |
| ઓઝત વિયર શાપુર | ૧.૯૫ MCFT |
| ઓઝત વિયર ટીકર | ૦.૮૫ MCFT |
| સાબલી સિંચાઇ યોજના | ૭.૨૦ MCFT |
| કુલ---- | ૧૧.૭૯ MCFT |

| જળાશય | લાભિત વિસ્તાર |
|---|---|
| ઓઝત વિયર વંથલી | ૧૦૪૬ હેક્ટર |
| ઓઝત વિયર શાપુર | ૧૫૦૦ હેક્ટર |
| ઓઝત વિયર ટીકર | ૬૫૦ હેક્ટર |
| સાબલી સિંચાઇ યોજના | ૧૨૧૯ હેક્ટર |
| કુલ--- | ૪૪૧૫ હેક્ટર |

# અગ્રતાક્રમનં. :૨૨

**પ્રશ્ન**

**જુનાગઢ જિલ્લાના માણાવદર તાલુકામાં આવેલ જળાશયોની સંગ્રહ શક્તી કેટલી છે? અને કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળે છે?**

**જવાબ**

**માણાવદર તાલુકામાં એક નાનુ જળાશય (બાંટવા ખારો)** આવેલ છે.

| જળાશય | સંગ્રહ શક્તી |
|---|---|
| બાંટવા ખારો | ૬.૬૮ MCFT |

| જળાશય | લાભિત વિસ્તાર |
|---|---|
| બાંટવા ખારો | ૧૦૨૫ હેક્ટર |

# પુરક નોંધ

જળ સંપતી વિભાગ હેઠળ જુનાગઢ જિલ્લાના વંથલી, મેંદરડા અને માણાવદર તાલુકામા કુલ ૭૮૦ ચેક્ડેમ, ૭૫ તળાવ અને ૮ જળાશયો આવેલ છે.

- જે પૈકી મેંદરડા તાલુકામા ૧ મધ્યમ જળાશય (મધુવંતી) અને ૨ નાના જળાશયો (રાતડા અને ચાંદ્રાવાડી) આવેલ છે.
- જ્યારે વંથલી તાલુકામાં ૪ નાના જળાશયો (ઓઝત વિયર વંથલી, ઓઝત વિયર શાપુર, ઓઝત વિયર ટીકર, સાબલી) આવેલ છે.
- જ્યારે માણાવદર તાલુકામાં ૧ નાનું જળાશય (બાંટવા ખારો) આવેલ છે.
- જ્યારે તમામ ૭૫ તળાવો પંચાયત હસ્તકના આવેલ છે.

# મેંદરડા તાલુકાનાં જળાશયોની ટુંકી વિગત નીચે મુજબ છે

## (1) મધુવંતી જળાશય ( મધ્યમ)

આ જળાશય જુનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામા  કેનેડીપુર ગામ પાસે આવેલ છે. યોજના અન ગેઇટેડ છે જેમા ઓગી પ્રકારનો વેસ્ટ વીયર આવેલ છે. યોજનાની કુલ સંગ્રહ શક્તિ 11.65 મી.ઘ.મી  છે અને લાભિત  સિંચાઇ વિસ્તાર 2188 હેક્ટર છે.યોજનનુ બાંધકામ વર્ષ 1976 મા કરવામા આવેલ છે. સદર યોજના ખાતે કુલ 28.32 કીમીનુ કેનાલ નેટવર્ક આવેલ છે. જેના થકી મેંદરડા તાલુકાના 8 અને વંથલી તાલુકાના 1 એમ કુલ 8  ગામોને સિંચાઇનો લાભ આપવામા આવે છે. સદર યોજનાનો સૌની યોજના અંતર્ગત સમાવેશ કરવામાં આવેલ છે.

## (2) રાતડા જળાશય  (નાની)

આ જળાશય જુનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામા  આવેલ છે. સદર યોજના અનગેઇટેડ છે જેની કુલ સંગ્રહ શક્તિ 0.64 મી.ઘ.મી  છે તથા લાભિત વિસ્તાર 122 હેક્ટર છે. યોજનનુ બાંધકામ વર્ષ ૧૯૯૫ મા કરવામા આવેલ છે. સદર યોજના ખાતે કેનાલની જોગવાઇ  નથી.યોજના મારફતમેંદરડા તાલુકાના રાજાવડ, આંબલા અને રાજેસર એમ કુલ 3 ગામોને સિંચાઇનો લાભ મળે છે.

## (3) ચાંદ્રાવાડી જળાશય  (નાની)

આ જળાશય જુનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામા આવેલ છે. જેની કુલ સંગ્રહ શક્તિ 1.61 મી.ઘ.મી છે અને લાભિત વિસ્તાર 443 હેકટર છે. યોજનનુ બાંધકામ વર્ષ ૧૯૯૫ મા કરવામા આવેલ છે. સદર યોજના ખાતે કુલ 7.59 કીમીનુ કેનાલ નેટવર્ક આવેલ છે. જેંના થકી નીચવાસના ત્રણ ગામો આંબલ ગઢ , તરશીંગડા અને માતરવાણીયાને સિંચાઇ નો લાભ આપવામા આવે છે.

## વંથલી તાલુકાનાં જળાશયોની ટૂંકી વિગત નીચે મુજબ છે

### (1) ઓઝત વિયર વંથલી (નાની)

આ જળાશય જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકામા વંથલી ગામ પાસે આવેલ છે. સદર યોજના ગેઇટેડ સ્પીલ વે આવેલો છે જેમા કુલ 12 વર્ટીકલ લીફ્ટ ગેઇટ આવેલ છે .યોજનાની કુલ સંગ્રહ શક્તિ 1.79 મી.ઘ.મી છે અને લાભિત સિંચાઇ વિસ્તાર 1046 હેક્ટર છે.યોજનનુ બાંધકામ વર્ષ 2007 મા કરવામા આવેલ છે.યોજના મારફત વંથલી તાલુકાના વંથલી, કણજા, શાપુર, કણઝડી, સાંતલપુર તથા મોટા કાજલીયાળા મળીને કુલ ૬ ગામને લાભ મળતો થયેલ છે. સદર યોજના ખાતે કેનાલની જોગવાઇ કરવામા આવેલ નથી.

### (2) ઓઝત વિયર શાપુર (નાની)

આ જળાશય જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકામા શાપુરગામ પાસે આવેલ છે. સદર યોજના ગઇટેડ સ્પીલ વે આવેલો છે જેમા 10 વર્ટીકલ લીફ્ટ ગેઇટ આવેલા છે. યોજનાની કુલ સંગ્રહ શક્તિ 1.95 મી.ઘ.મી છે અને લાભીત વિસ્તાર 1500 હેક્ટર છે. યોજનનુ બાંધકામ વર્ષ 2001 મા કરવામા આવેલ છે. યોજના મારફત વંથલી તાલુકાના શાપુર, ધણફુલીયા, લુવાસર, સોનારડી, ગાંઠીલા તથા નાના કાજલીયાળા મળી ને કુલ ૬ ગામને લાભ મળતો થયેલ છે. સદર યોજના ખાતે કેનાઇની જોગવાઇ કરવામા આવેલ નથી. સદર યોજનાનો સૌની યોજના અંતર્ગત સમાવેશ કરવામાં આવેલ છે.

(3) ઓઝત વિયર ટીકર (નાની)

આ જળાશય જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકામા ટીકરગામ પાસે આવેલ છે.જેમા સ્ટોપ લોગ પ્રકારના 196 ગેઇટ્સ આવેલા છે. જેની કુલ સંગ્રહ શક્તિ 0.85 મી.ઘ.મી છે અને લાભીત વિસ્તાર 650 હેક્ટર છે.યોજનાનુ બાંધકામ વર્ષ 2010 મા કરવામા આવેલ છે.યોજના મારફત વંથલી તાલુકાના ટીકર , અખા અને માણાવદર તાલુકાના પીપલાણા ગામ મળીને કુલ 3 ગામને લાભ મળતો થયેલ છે સદર યોજના ખાતે કેનાલની જોગવાઇ કરવામા આવેલ નથી.

(4) સાબલી સિંચાઇ યોજના (નાની)

આ જળાશય જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકામા ખોરાસાગામ પાસે આવેલ છે. યોજનામા ગેઇટેડ પ્રકારનો સ્પીલ વે આવેલો છે જેમા કુલ 11 વર્ટીકલ લીફ્ટ ગેઇટ આવેલ છે જેની કુલ સંગ્રહ શક્તિ 7.20 મી.ઘ.મી છે અને કુલ પિયત વિસ્તાર૧૨૧૯ હે. છે. યોજનાનુ બાંધકામ વર્ષ 2012 મા કરવામા આવેલ છે.યોજના મારફત વંથલી તાલુકાનું ખોરાસા, બડોદર, અગતરાઇ, મધરવાડા, માણેકવાડા, મળીને કુલ ૫ ગામને લાભ મળતો થયેલ છે. સદર યોજના ખાતે કેનાલની જોગવાઇ કરવામા આવેલ છે જેની લંબાઈ ૮.૦ કિ.મી.છે. સદર યોજનામા સર્વેના આધારે 3.09 મી.ઘ.મી જેટલુ સીલ્ટીંગ થયેલ હોય તેમ જણાય છે. આ કાંપ કાઢવાની કાર્યવાહી હાલમાં આયોજન હેઠળ છે.

# માણાવદર તાલુકાનાં જળાશયોની ટુંકી વિગત નીચે મુજબ છે

(1) બાંટવાખારો  (નાની)

આ જળાશય જુનાગઢ જિલ્લાના માણાવદર  તાલુકામા  બાંટ્વા ગામ પાસે આવેલ છે. સદર યોજના મા ગેઇટેડ સ્પીલ વે આવેલો છે જેમા કુલ 10 વર્ટીકલ લીફ્ટ ગેઇટ આવેલ છે  જેની કુલ સંગ્રહ શક્તિ 6.68 મી.ઘ.મી  છે અને લાભીત વિસ્તાર 1025 હેક્ટર છે. યોજનનુ બાંધકામ વર્ષ 1991 મા કરવામા આવેલ છે.સદર યોજના મારફત નદીમા પાણી છોડી નીચવાસના કુતિયાણા તાલુકાના ગઢ્વાણા રેવદ્રા ઘરશન કાસાબડ અને તરખાઇ એમ કુલ 5  ગામોને સિંચાઇ નો લાભ આપવામા આવે છે.

# પત્રક

છેલ્લા બે વર્ષમાં ચેકડેમ, તળાવો અને જળાશયોમાં કાઢવામાં આવેલ કાંપની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | વર્ષ ૨૦૨૨ | | વર્ષ ૨૦૨૩ | |
|---|---|---|---|---|
| | ચેકડેમ/ તળાવ/ જળાશયની સંખ્યા | કાંપનો જથ્થો (ઘન મીટરમાં) | ચેકડેમ/ તળાવ/ જળાશયની સંખ્યા | કાંપનો જથ્થો (ઘન મીટરમાં) |
| માણાવદર | ૩૧ | ૧,૨૨,૮૦૦ | ૧૯ | ૬૩,૦૦૦ |
| મેંદરડા | ૪૬ | ૭૮,૯૦૦ | ૩૦ | ૬૨,૧૫૦ |
| વંથલી | ૪૪ | ૪,૧૩,૩૫૦ | ૪૧ | ૩,૧૯,૭૦૦ |

ચેકડેમો, તળાવ, જળાશયમાં કાંપ ભરાવાની બાબત એક સતત ચાલતી કુદરતી પ્રક્રિયા છે અને સ્થળસ્થિતી તેમજ જરૂરીયાતો અનુસાર વખતો-વખત કાંપ કાઢવામાં આવતો હોય છે.